# કચ્છના ૬૫ ગામોમાં સુઝલોનનુ સેવા અભિયાન

## નેત્ર શિબિર, સીવણ તાલીમ, કોમ્પ્યુટર સાક્ષરતા તાલીમનું કરાયેલું આયોજન



સામાજિક જવાબદારીના ભાગરૂપે આયોજિત સીવણ વર્ગમાં મહિલાઓને અપાતી તાલીમની તસવીર.

ગાંધીધામ, તા. ૬ : રાજ્યમાં ૧,૮૪૨ મેગાવોટ અને કચ્છમાં ૧,૧૨૫ મેગાવોટની એકત્રિત વિન્ડ ઇન્સ્ટોલેશન ક્ષમતા સાથેનાં સુઝલોન ગ્રુપ દ્વારા કાર્યક્ષેત્રના વિસ્તારો, અને આસપાસના સમુદાયોનાં આરોગ્ય તથા સ્વાસ્થ્ય કલ્યાણને સુધારવાની દિશામાં સામાજિક જવાબદારી અદા કરવા ઝુંબેશ આદરાઇ હતી. સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી આદરાયેલી આ ઝુંબેશ અંતગર્ત નેત્ર શિબિર, સીવણ કામ અને કોમ્પ્યુટર સાક્ષરતા તાલીમનું નખત્રાણા અને ભુજનાં ૬૫ ગામોમાં આયોજન કરાયું હતું.

સ્વાયત્ત સંસ્થા સુઝલોન ફાઉન્ડેશન દ્વારા મોતિયા સંબંધી અંધત્વ દૂર કરવા માટે આસપાસનાં ગામડાઓમાં નેત્ર શિબિરોનું આયોજન કરવામાં આવે છે. ગત જૂન મહિનામાં જ પાંચ ગામડાઓમાં નેત્ર શિબિર યોજાઇ હતી. જેમાં ૩૨૧ ગ્રામજનોની તપાસ કરવામાં આવી હતી, અને ૨૧૬ લોકોને ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૨૩ દર્દીઓને મોતિયાનું નિદાન થતાં એક બ્લાઇન્ડ પીપલ્સ એસોસીએશન દ્વારા નેત્ર હોસ્પિટલમાં ઓપરેશન માટે સંદર્ભિત કરાયા હતા.

વિલેજ ડેવલપમેન્ટ કમિટી (વીડીસી) તરીકે ઓળખાતા તાલીક કુશળતા વિકાસ કાર્યક્રમ અંતર્ગત નખત્રાણા અને ભુજ ખાતે બે મહિનાનો ટેલરિંગ કોર્ષ ચાલી રહ્યો છે. આ તાલીમ કાર્યક્રમમાં આશરે ૭૦ મહિલાઓએ ભાગ લીધો હતો. કોર્ષ સફળતાથી પૂર્ણ થયા પછી તમામ તાલીમાર્થી મહિલાઓને પ્રમાણપત્ર આપવામાં આવશે. સારી કામગીરી કરનારા સહભાગીઓને સિલાઇ મશીનથી પુરસ્કૃત કરવામાં આવશે, જેથી તેઓ પોતાના પગભર રહી આજીવિકાની કમાણી કરી શકે.

આ ઉપરાંત લાખોંદ અને અન્ય ગામ સહિત બે શાળાઓમાં ધો. ૪થી ૮ના ૪૦૦ વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર સાક્ષરતા તાલીમ આપવામાં આવી હતી.

સુઝલોન ફાઉન્ડેશનના જનરલ મેનેજર ડો. જાસ્મિન સોફિયા ગોગિયાએ જણાવ્યું હતું કે, સુઝલોન કાર્યક્ષેત્રમાં અને આસપાસના સમુદાયોની એકંદર સક્ષમતા અને સંતુલિત વૃદ્ધિ ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. સામાજિક જવાબદારીનાં કાર્યો ગ્રામજનોની જરૂરતોના આધારે હાથ ધરવામાં આવે છે આજીવિકા, આરોગ્ય, શિક્ષણ, નૈસર્ગિક સંસાધન વ્યવસ્થાપન સહિતની બાબતો પર મુખ્યત્વે ધ્યાન કેન્દ્રિત કરાયું હોવાનું તેમણે ઉમેર્યું હતું.